# માનવ અને સિંહ વચ્ચે એક વિશ્વાસનો સેતુ દેખાડતો વીડિયો વાયરલ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી જિલ્લામાં ધરોહર સમાન એશિયાટિક સિંહની સૌથી વધુ વસ્તી હોય, ત્યારે હવે આ એશિયાટિક સિંહ હવે ખોરાક અને પાણીની શોધમાં માનવ વસ્તીમાં ઘુસી આવે છે. ત્યારે ગીર કાંઠાના ગ્રામ્ય લોકોને સિંહ સાથે જાણે નાતો બંધાય ગયો હોય તેમ વર્તન થતું જોવા મળી રહયું છે. ત્યારે આવો જ એક નજરો ખાંભાના રબારીકા ગામે શિકારની શોધમાં ઘુસેલા ૪ સિંહો અને રાત્રીના ફરજ બજાવતા જી.આર.ડી. જવાનો સામે જ આ સિંહોએ ચક્કર લગાવ્યાં હતાં. આ માનવ અને સિંહ વચ્ચે એક વિશ્વાસનો સેતુ દેખાડતો વીડિયો વાયરલ થયેલ છે.અમરેલી જિલ્લાનાં ગીર કાંઠાનાં ખાંભા પંથકમાં વન્ય પ્રાણીઓ જેવા કે, સિંહ અને દીપડા સામાન્ય રીતે હરતાં ફરતાં રહેતાં હોય છે. ત્યારે ગઈકાલે રાત્રીનાં સમયે ખાંભા તાલુકાના રબારીકા ગામે જી.આર.ડી. જવાનો પોતાના નાઈટ પેટ્રોલિંગમાં હતાં. ત્યારે આ રબારીકા ગામનાં એક ચોકમાં એકી સાથે ચાર ચાર સિંહનું ટોળું સામે આવી જવા પામેલ હતાં. પરંતુ કાયમી રીતે આ પંથકમાં ફરજ બજાવતાં



જી.આર.ડી. જવાનો અને કાયમી આ પંથકમાં વસવાટ કરતાં સિંહ વચ્ચે જાણે અનોખો વિશ્વાસનો સેતુ હોય તેમ એક બીજાથી પણ વિચલિત થયા વિના સિંહોએ આ જવાનો સામે ચોકમાં ચક્કર લગાવ્યાં હતાં. બાદમાં આ જવાન સામે એક સિંહે તો રેતીના ઢગલા પર આરામ ફરમાવ્યો હતો. કોઈએ એક બીજાને કોઈ નુકશાન પણ પહોંચે તે રીતે સલામત અંતર જાળવ્યું હતું. આ સમગ્ર ઘટનાનો અદ્ભુત વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ છે.

# નવનિયુકત ભાજપ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટનું રાજકોટમાં ભવ્ય સ્વાગત

## નિયુક્તિ બાદ પ્રથમવાર રાજકોટ શહેરમાં પધારતા પાઘડી પહેરાવી આવકાર અપાયો

રાજકોટ, ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ હોદ્દેદારોની વરણી થયાં બાદ નવનિયુકત પ્રદેશ ભાજપ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટ પ્રદેશ મહામંત્રી તરીકે નિયુક્તિ બાદ પ્રથમવાર રાજકોટ શહેરમાં પધારતા તેમનું સ્વાગત ગ્રીનલેન્ડ ચોકડી ખાતે રાજકોટ શહેર હોદ્દેદારોએ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું,

આ તકે રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવેના માર્ગદર્શન હેઠળ મહિલા મોરચાના કિરણબેન માકડીયાની આગેવાનીમાં મહિલા મોરચાના કાર્યકર્તાઓ દ્વારા કુમકુમ તિલક કરી પુષ્પવર્ષા કરવામાં આવેલ હતી, રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવેએ ફુલહાર, વિધાનસભા- ૬૮ ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડે તેમને



કાઠીયાવાડી પાઘડી પહેરાવી અને ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ હતું. રાજકોટ પધારતા નવનિયુકત પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટનું સ્વાગત વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, પૂર્વ મંત્રી અને વિધાનસભા-૭૧ ગ્રામ્યના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, શહેર પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી સહિતનાઓએ ફુલહાર દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું. આ તકે ડે.મેયર નરેન્દ્રસીંહ જાડેજા, દંડક નેતા મનીષ રાડીયા, શાસકપક્ષનેતા લીલુબેન જાદવ, પુર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, શહેર ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, પરિમલભાઈ પરડવા, રાજદિપસિંહ જાડેજા, રમેશભાઈ પરમાર, પુજાબેન પટેલ, હિતેષ ઢોલરીયા, શહેર મંત્રી વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, ભરતભાઈ શીંગાળા, ઈલાબેન પડીયા, ભગવતીબેન ધરોડીયા, કાર્યાલયના સહકાર્યાલયમંત્રી શૈલેષ દવે, શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીત વાડોલીયા, કિશાન મોરચાના પ્રમુખ યોગેશ ભુવા, અનુસુચિત જનજાતિ મોરચાના પ્રમુખ મનોજભાઈ દુબલ સહિત કોર્પોરેટરઓ, વોર્ડ પ્રભારી, વોર્ડ પ્રમુખ,મહામંત્રી, શહેર મોરચાના કાર્યકર્તાઓ સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુકત પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટનું સ્વાગતની વ્યવસ્થા શહેર પ્રમુખ ડો. માધવ દવેના માર્ગદર્શન હેઠળ શહેર યુવા મોરચા પ્રમુખ કિશન ટીલવા અને યુવા મોરચાના કાર્યકર્તાઓ દ્વારા સંભાળવામાં આવેલ હતી.

## સીટીલાઇફ

# માલવણ મુકામે પંચાયત ભવનનું ખાતમુહૂર્ત



અમરેલી: અમરેલીના માલવણ મુકામે ગ્રામ પંચાયતના નવા ભવનના નિર્માણ માટે ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજિત કલ રૂ. ૨૫ લાખના ખર્ચે નવું પંચાયત ભવન આકાર પામશે. નાગરિકોની સુવિધાઓમાં વધારો થશે. ઉર્જા રાજ્યમંત્રીશ્રી વેકરીયાએ માલવણ મુકામે નવી બનેલ પાણીની ટાંકીનું પણ લોકાર્પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, માલવણ મુકામે રૂ. ૯ લાખના ખર્ચે સ્મશાન કંપાઉન્ડ વોલ બનશે સાથે રૂ. ૧૧ લાખના ખર્ચે પીવાના પાણીના સંગ્રહ માટે સંપ પણ બનાવવામાં આવશે. સાંસદ અને ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી અંદાજિત કુલ રૂ. ૫ લાખના ખર્ચે બ્લોક રોડ બનાવવામાં આવશે. આમ, ગ્રામ્યકક્ષાએ વિવિધ વિકાસકાર્યો થતાં નાગરિકોને ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થશે. માલવણ મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ શ્રી કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, અગ્રણી સર્વ શ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ,ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ સ્વચ્છતા માટે ખાસ એક દિવસની ફનસ્ટ્રીટ યોજાઇ

## બાળકોએ જૂની વિસરાયેલી ૩૦ રમતોનો આનંદ માણ્યો



રાજકોટ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ ચિત્રનગરી દ્વારા સ્વચ્છતા માટે ખાસ એક દિવસની ફનસ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના રેસકોર્સમાં આવેલી આર્ટ ગેલેરી નજીક મોબાઈલ ભૂલી બાળકોએ જૂની વિસરાયેલી ૩૦ રમતોનો આનંદ માણ્યો હતો. અને ડાન્સ, રંગોળી, લીંબુ ચમચી, કોથળા દોડ, ચેસ સહિતની રમતોની રમઝટ જામી હતી.બાળકો જ નહીં મોટેરાઓ પણ મોટી સંખ્યામાં વિસરાયેલી રમતોનો આનંદ માણવા પહોંચ્યા હતા. અને પરંપરાગત શેરી રમતોની મજા માણી હતી. દોરડા ખેંચ, કોથળા દોડ, ભમરડો, કુંડાળા, ચેસ, કેરમ ડાન્સ સહિતની વિવિધ ગેમ્સ જોઈને બાળકોને ખુબ આનંદ થયો છે. નાનાથી લઈને મોટેરા સુધી તમામ લોકો રમી શકે તેવી ગેમ્સનું અહીં આયોજન કરવામાં આવ્યું હતું.

# ચિત્તલ મુકામે કુલ ૦૨ પેટા આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગની કામગીરીનું ખાતમુહૂર્ત સંપન્ન

## ચિત્તલ સ્થિત શ્રી ખોડિયાર નગર અને જિન પ્લોટ ખાતે અંદાજિત રૂ. ૬૫ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્રો આકાર પામશે



અમરેલી: આજરોજ ઉર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલીના ચિત્તલ મુકામે કુલ ૦૨ પેટા આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગની કામગીરીનું ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ચિત્તલ સ્થિત શ્રી ખોડિયાર નગર અને જિન પ્લોટ ખાતે અંદાજિત કુલ રૂ. ૬૫ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્રો આકાર પામશે. ચિત્તલ ઉપરાંત આસપાસના ગામડાઓને ઘરઆંગણે અને નજીકમાં જ સરળતાથી આરોગ્ય સુવિધાઓ મળતી થશે.

નાગરિકો માટે આરોગ્ય સુવિધાઓ અને સવલતો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે સતત સક્રિયતા સાથે કામગીરી કરવામાં આવી રહી છે. જનસામાન્ય માટે "પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના" અન્વયે રૂ. ૧૦ લાખના આરોગ્ય કવચની સાથે આયુષ્માન કાર્ડની સુવિધાઓ ઉપલબ્ધ છે. અમરેલી જિલ્લામાં જરૂરીયાત મુજબ પેટા આરોગ્ય કેન્દ્રોના નિર્માણ માટે કામગીરી તેજ ગતિથી આગળ ધપી રહી છે. ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કેન્સર સહિતના રોગ હવે ગ્રામ્ય લેવલે પણ વધી રહ્યા છે. દર્દીઓને તપાસ સહિત સારવાર સુધીની સવલતો ઘરઆંગણે મળે તે માટે પેટા આરોગ્ય કેન્દ્રો આશિર્વાદરૂપ છે.ચિત્તલ મુકામે પેટા આરોગ્ય કેન્દ્રોના ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ શ્રી કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, તાલુકા પંચાયત સભ્યશ્રીઓ, સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મનપા દ્વારા ૧૬ સફાઈ કામદારના વારસદારને નિમણૂક પત્ર એનાયત

## ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ સફાઈ કામદારના વારસદારને સફાઈ સહાયક તરીકે નિમણૂંક

રાજકોટ, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ ૧૬(સોળ) સફાઈ કામદારના વારસદારને સફાઈ સહાયક તરીકે નિમણૂંકપત્ર મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયાના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં.

આ અવસરે ઉપસ્થિત પદાધિકારીએ સૌપ્રથમ નિમણુંક પામતા સફાઈ કામદારને શુભેચ્છા પાઠવી પ્રામાણિકતાથી અને શિસ્તબધ્ધ રીતે ફરજ નિભાવવા તેમજ શહેરની સ્વચ્છતા માટે તમારું ખુબ મોટું યોગદાન હોય છે તેવું જણાવેલ. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સફાઈ



કામદારને વખતોવખત તેઓની કામગીરી બદલ બેસ્ટ સફાઈ કામદાર એવોર્ડ પણ આપવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકામાં વારસદાર સફાઈ સહાયક તરીકે રાજેશભાઈ કાનજીભાઈ સોલંકી, ગંગાબેન ભકાભાઈ સોંદરવા, મહેશભાઈ રઘુભાઈ લઢેર, ગોહેલ દક્ષાબેન હેમંતભાઈ, આશાબેન અશોકભાઈ ગૌરી, રાઠોડ વિવેક બીપીનભાઈ, સીમાબેન સુનીલભાઈ રાઠોડ, વાઘેલા ઉમેશ હસમુખભાઈ, શની જમનભાઈ રાઠોડ, મોહિત રતિલાલ બેરડીયા, અમિત મીઠાભાઈ પરમાર, કોમલબેન મહેશભાઈ નારોલા, બળદેવ કનુભાઈ પરમાર, રાઠોડ મિલનભાઈ હિતેશભાઈ, વાઘેલા વિશાલ ગોવિંદભાઈ, ધવલ નીતિનભાઈ મકવાણા નિમણૂંક પામ્યા છે.

# સણોસરા અને માંગવાપાળ મુકામે પંચાયત ભવનનું ખાતમુહૂર્ત

## અમરેલી તાલુકાના સણોસરા અને માંગવાપાળને મળશે નવા પંચાયત ભવનની સુવિધા

અમરેલી: અમરેલી તાલુકાના સણોસરા તથા માંગવાપાળ ગામે ગ્રામ પંચાયતના નવા ભવનના નિર્માણ માટે ઉર્જા રાજયમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. દરેક પંચાયત ભવન રૂ. ૨૫-૨૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે. નવા પંચાયત ભવનના નિર્માણથી ગ્રામ પંચાયતની વહીવટી કામગીરી વધુ સુચારૂ રીતે થશે તેમજ ગ્રામજનોને વિવિધ સરકારી સેવાઓ અને સુવિધાઓ વધુ સારી રીતે એક જ સ્થળે પ્રાપ્ત થશે.આ પંચાયત ભવનમાં તલાટી અને સરપંચશ્રીના કક્ષ તેમજ મીટીંગ હોલ જેવી



સુવિધા તૈયાર થશે. અમરેલી વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોને જરૂરિયાત મુજબ નવા પંચાયત ભવન રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. અમરેલી-વડિયા-કુંકાવાવ મતવિસ્તારના તમામ ગામોમાં સુવિધાયુક્ત પંચાયત ભવન થકી નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાનો લાભ સરળતાથી મળી રહ્યો છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોની સુવિધાઓના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. નવિન પંચાયત ભવન જેવી સુવિધાઓથી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ મજબૂત બનશે અને ગામડાંનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખશ્રી કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયતના સભ્યશ્રી મુકેશભાઈ બગડા, અગ્રણી સર્વશ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ક્રોમાએ એપલ, સેમસંગ અન્ય કંપનીઓ ઉપર આકર્ષક ડીલ સાથે બ્લોકબસ્ટર રિપબ્લિક ડે સેલની શરૂઆત કરી

રાજકોટ, ભારતના સૌથી વિશ્વસનીય ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેઈલર ક્રોમાએ તેનાઆતુરતાથી રાહ જોવાતા રિપબ્લિક ડે સેલની જાહેરાત કરી છે, જેમાં સ્માર્ટફોન, લેપટોપ, ટેલીવિઝન, લાર્જ એપ્લાયન્સિસ અને ઓડિયો પ્રોડક્ટ્સ ઉપર બ્લોકબસ્ટર ડીલ તથા અગ્રણી બ્રાન્ડ્સ ઉપર ઓફર્સ ઉપલબ્ધ છે. ક્રોમાના તમામ સ્ટોર્સ ઉપર આ સેલ શરૂ થઇ ગયો છે, જે ૨૬ જાન્યુઆરી સુધી ચાલશે. ક્રોમા સ્ટોર્સ ઉપર ખરીદી કરતાં ગ્રાહકો બેંક કેશબેક, એક્સચેન્જ બોનસ, સ્પેશિયલ સ્ટુડન્ટ પ્રાઈઝિંગ અને સરળ ઈએમઆઇ વિકલ્પો અનલોક કરી શકે છે, જે તેને વર્ષનો સૌથી વધુ વેલ્યુ-પેક્ડ ઈલેક્ટ્રોનિક્સ સેલ બનાવે છે. તમામ કિંમતો અને ઓફર્સ બ્રાન્ડ, મોડલ, સ્ટોર, દિવસ, શહેર અને ઉપલબ્ધતાને આધારે અલગ-અલગ છે તેમજ બેંક અથવા ફાઈનાન્સ પાર્ટનર્સની લાગુ શરતોને આધીન છે.જે સિઝનની ઓફરને વધુ આકર્ષક બનાવે છે. ઈન્ફિનિટી રિટેઈલ લિમિટેડના પ્રવક્તાએ કહ્યું હતું કે, “રિપબ્લિક ડે ભારતીય પરિવારો માટે ખરીદીની મહત્વપૂર્ણ તક પ્રદાન કરે છે કારણકે ગ્રાહકો તેમના ઘર અને વ્યક્તિગત વપરાશ માટે અર્થસભર અપગ્રેડમાં રોકાણ કરવા માગતા હોય છે. અમારા રિપબ્લિક ડે સેલ સાથે અમે વિવિધ કેટેગરીમાં મજબૂત ઓફર્સ રજૂ કરી છે, જેમાં બેસ્ટ ડીલ અને લાભો ઉપલબ્ધ છે, જેથી ગ્રાહકો આત્મવિશ્વાસથી ખરીદી કરી શકે તથા બેજોડ અનુભવ માટે એક્સપર્ટ ઈન-સ્ટોર દ્વારા વેલ્યુ મેળવી શકે.” ક્રોમા રિપબ્લિક ડે સેલ દેશભરમાં તમામ ક્રોમા સ્ટોર્સ ઉપર ઉપલબ્ધ છે.

# ઉર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી જિલ્લાના ઈશ્વરીયા મુકામે જેટકોના ૬૬ કે. વી. સબસ્ટેશનનું લોકાર્પણ

## રૂ. ૮.૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા સબ સ્ટેશનથી ૦૪ ગામોના ૪૮૦૦થી વધુ લોકોને વિક્ષેપ-રહિત ગુણવત્તાયુક્ત વીજળી પુરી પાડી શકાશે

અમરેલી: અમરેલી જિલ્લાના ઈશ્વરીયા મુકામે રૂ. ૮.૫ કરોડના ખર્ચે ર્જ્ઈર્ઝ દ્વારા નિર્માણ પામેલ ૬૬ કે.વી. વિદ્યુત સબસ્ટેશનનું લોકાર્પણ ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા સબસ્ટેશનના કાર્યરંભથી આસપાસના કુલ ૦૪ ગામોના ૪,૮૦૦થી વધુ લોકોને વિક્ષેપ-રહિત તેમજ ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો ઉપલબ્ધ બનશે. પરિણામે ઘરેલુ, કૃષિ તેમજ ઔદ્યોગિક વીજ વપરાશમાં સુધારો થશે અને વિસ્તારમાં વિકાસને વધુ વેગ મળશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નવા સબસ્ટેશનથી અમરેલી જિલલ્લાના ઈશ્વરીયા, વરસડા, ગીરીયા તથા શહેર વિસ્તારને ગુણવત્તાયુક્ત તેમજ સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો મળશે. આ સબસ્ટેશનમાંથી ૧૧ કે.વીના ૧૦ નવા ફીડરો ૧,૨૧૨ ગ્રાહકો લાભાન્વિત થશે. આ કનેક્શનોમાં ૪૪૫ રહેણાંક, ખેતીવાડી ૭૨૭, લાણિજયના ૩૯ અને ૦૧ ઔદ્યોગિક એકમોનો સમાવેશ થાય છે.



હાલમાં અમરેલી જિલ્લામાં કુલ ૯૨ સબસ્ટેશનો કાર્યાન્વિત છે. છેલ્લા પાંચ વર્ષમાં અમરેલી જિલ્લામાં ૧૬ નવા સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. આગામી બે નાણાકિય વર્ષ ૨૦૨૬-૨૭માં અમરેલી જિલ્લામાં નવા ૦૬ સબસ્ટેશન શરૂ કરવાનું આયોજન છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ વનરાજભાઈ કોઠીવાળ, મુકેશભાઈ બગડ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કિશોરભાઈ કાનપરીયા, અગ્રણીશ્રી પ્રવિણભાઈ માંગરોળીયા, પી.જી.વી.સી.એલના અધિક્ષક ઈજનેરશ્રી દહિયા, જેટકોના અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.